# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૪-૨૫ પરીણામ જાહેરનામું""

"Primary-Secondary education Scholarship Exam-2024-25 Result Notification"

ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.શિ.પ-૨૦૨૪-૨૫/પરિણામ/૨૦૨૫/૬૩૯૪-૬૩૯૫ તા.૧૪/૦૫/૨૦૨૫

વંચાણે લીધા :

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ,તા.૧૪/૮/૨૦૧૭
2. જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ.શિ.પ.-૨૦૨૪-૨૫/૩૭૬૩-૩૮૪૮, તા.૨૪/૦૩/૨૦૨૫

આમુખ-૨ માં દર્શાવેલ રાજ્ય પરીક્ષા બોર્ડના જાહેરનામા અન્વયે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૪-૨૫નું તા:૨૬/૦૪/૨૦૨૫ના રોજ લેવામાં આવી હતી.

આ પરીક્ષાનું પરીણામ **www.sebexam.org** પર જાહેર કરવામાં આવે છે.

❖ <u>ક્વૉલીફાઇંગ ગુણ તથા મેરીટ યાદી તૈયાર કરવા અંગેના નિયમો:</u>

**Scholarship (PSE And SSE) 2025 Result Summery**

| Exam | More than 35% (42 Marks) | More than 40% (48 Marks) | More than 45% (54 Marks) | More than 50% (60 Marks) | More than 55% (66 Marks) | More than 65% (78 Marks) | More than 75% (90 Marks) | More than 85% (102 Marks) | More than 95% (114 Marks) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| PSE | 94791 | 61960 | 38700 | 23132 | 13520 | 4155 | 915 | 107 | 1 |
| SSE | 34813 | 24188 | 16443 | 11035 | 7099 | 2513 | 624 | 57 | 1 |
| Total | **129604** | **86148** | **55143** | **34167** | **20619** | **6668** | **1539** | **164** | **2** |

- સંબંધિત પરીક્ષામાં લઘુત્તમ ગુણ ૩૫% (૪૨ ગુણ) ક્વૉલીફાઇંગ ગુણ તરીકે ગણવામાં આવે છે.
- સંબંધિત પરીક્ષામાં લઘુત્તમ ક્વૉલીફાઇંગ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ(PSE)માં તાલુકા વાઇઝ રાજ્યનો કુલ ક્વોટા ૧૦૦૦ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(SSE)માં તાલુકા વાઇઝ રાજ્યનો ક્વોટા ૨૯૦૦ (ગ્રામ્ય-૧૫૦૦, શહેરી-૧૦૦૦, ટ્રાયબલ-૪૦૦) અનુસારની સંખ્યા મુજબ મહત્તમ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનો જ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવે છે.
- વિદ્યાર્થી પરીક્ષામાં મેળવેલ ગુણનું <u>ગુણપત્રક</u> <u>www.sebexam.org</u> વેબસાઇટ પર આપેલ <u>**"Result"**</u> ઓપ્શનમાં વિદ્યાર્થીનો બેઠક નંબર અથવા UDISE અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- નિયત ક્વોટામાં જોગવાઇઓ મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર થશે. નિયત ક્વોટામાં સમાવેશ થવા પાત્ર કટ ઓફ માર્કસની વિગતો હવે પછી વેબસાઇટ ઉપરથી જાણી શકાશે. તમામ વિદ્યાર્થીઓને માર્કશીટ અત્રેથી દરેક જિલ્લાના તમામ તાલુકા બી.આર.સી. મારફતે મોકલવામાં આવશે.
- મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓની યાદી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર દ્વારા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે શિષ્યવૃત્તિની ચૂકવણી કરવામાં આવશે.

**સ્થળ: ગાંધીનગર**

**તારીખ:૧૪/૦૫/૨૦૨૫**

**અધ્યક્ષ**

**રાજ્ય પરીક્ષા બોર્ડ**

**ગાંધીનગર**

❖ **<u>નકલ રવાના અમલાર્થે</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી. તમામ
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. તમામ
  આપના તાબા હેઠળની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી. તમામ
  આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

❖ **<u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>**

❖ માન.શિક્ષણમંત્રીશ્રી(કેબિનેટ કક્ષા)ના અંગત મદદનીશશ્રી શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

❖ માન.શિક્ષણમંત્રીશ્રી(રાજય કક્ષા)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

❖ માન. અગ્ર સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

❖ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

❖ માન.નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

❖ માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

❖ નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર

❖ નાયબ નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

❖ જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.